**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૨૮/૦૨/૨૦૧૮ બુધવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૪૦૬/૧૮**

## અલગ અલગ ઇમેલ આઇડીઓ બનાવી બિભત્સ મેસેજ, ફોટા તથા વિડીયો મોકલનાર આરોપીને ઝડપી પાડતી સાયબર ક્રાઈમ સેલ, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ

ફરિયાદીશ્રીએ ફરીયાદ હકીકત આપેલ કે, આરોપીએ ફરીયાદીના વીડીયો તથા ફોટાઓ ફરીયાદીના સબંધીઓ તથા પિતાજી તેમજ ફરીયાદીની નોકરી વાળી જગ્યાએ મોકલી બદનામ કરી તથા ફેક આઈ.ડી. બનાવી ફરીયાદીના નામનું ખોટુ રાજીનામુ મોકલી આપી તથા આજદીન સુધી ધમકીઓ આપી તમામ પ્રવુતિઓ ઉપર ઈન્ટરનેટ મારફતે ધ્યાન રાખી તેઓના ના કહેવા છતા અવાર નવાર તેઓને અલગ અલગ ઈમેલ આઈ.ડી. તેમજ સોશીયલ મીડીયાના માધ્યમથી વાતચીત કરવાની કોશિષ કરી હેરાન પરેશાન કરી ગુનો કરેલ જે બાબત ની જાણ ફરીયાદી અત્રે ક્રાઈમ બ્રાન્ચમાં આવી જણાવતા તે સબંધે નાયબ પોલીસ કમિશનરશ્રી દિપન ભદ્રન સાહેબ સાથે ચર્ચા કરતાં ઉક્ત અધિકારીશ્રીઓએ આ બાબતે તાત્કાલિક ગુનો દાખલ કરી આરોપીને શોધી કાઢવા જરૂરી સુચન કરતાં ક્રાઈમ બ્રાન્ચના પો.સ.ઈ.શ્રી બી.એચ.કોરોટ નાઓએ ફરિયાદીની ઉક્ત હકિકત આધારે તા: ૨૭/૦૨/૨૦૧૮ ના રોજ ડીસીબી પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૧૫/૨૦૧૮ ઇપીકો કલમ ૩૫૪(ડી) તથા ધી આઇટી એકટ્ કલમ ૬૬ (સી,ડી, ઇ) તથા ૬૭, ૬૭ એ મુજબનો ગુનો દાખલ કરેલ અને આગળની તપાસ પોલીસ ઈન્સપેક્ટરશ્રી જે.એસ.ગેડમ નાઓએ સંભાળેલ

આ ગુનાની તપાસ દરમ્યાન ફરીયાદીશ્રીના ફોટાઓ તથા વીડીયો વાયરલ કરનાર રીધમ સતેન્દ્રભાઇ શાહ ઉ.વ. ૩૫ ધંધો વેપાર રહેવાસીઃ ૯/એ સત્યકામ સોસાયટી, નેમીનાથનગર, કંચનદિપ ટાવરની સામે, નહેરુનગર, આંબાવાડી, અમદાવાદ શહેરનાને સદર ગુનાના કામે ગઇકાલ તા ૨૭/૦૨/૨૦૧૮ નારોજ અટક કરવામાં આવેલ છે. સદરી આરોપીની પોલીસ ઈન્સપેક્ટરશ્રી જે.એસ.ગેડમ નાઓએ પુછપરછ કરતાં જાણવા મળેલ કે સદરી આરોપી ફરીયાદીશ્રીનીને સારી રીતે ઓળખે છે અને ડીસેમ્બર-૨૦૧૬ મા ફરીયાદીનો આઈફોન-૭ બગડી ગયેલ હોય અને રીધમ શાહ નાઓ પાસે એપલની એજન્સી હોય જેથી આ મોબાઈલમાં શુ ખામી હશે તે બાબતે પુછતા આરોપીએ એપલ આઈડી માંગેલ જેથી ફરીયાદીએ પોતાનું એપલ આઇડી અને પાસવર્ડ આપેલ. જેથી તેણે તેમાંથી ફરીયાદીના ફોટાઓ પોતાના ફોનમાં સેવ કરી લીધેલ બાદ આરોપીએ ફરીયાદીના ફોટાઓ સગા સંબંધીઓને મોકલી બદનામ કરેલ તથા ધમકીઓ આપી તમામ પ્રવુતિઓ ઉપર ઈન્ટરનેટ મારફતે ધ્યાન રાખી તેઓના ના કહેવા છતા અવાર નવાર તેઓને અલગ અલગ ઈમેલ આઈ.ડી. તેમજ સોસિયલ મીડીયાના માધ્યમથી વાતચીત કરવાની કોશિષ કરી ગુનો કરેલ છે

**<u>સુરત શહેરના સરથાના પોસ્ટેશન વિસ્તારમાંથી ગુમ થયેલ માતા તથા તેની દિકરી ને શોધી કાઢતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ,</u>**

અમદાવાદ શહેર વિસ્તારમાંથી તેમજ ગુજરાત રાજ્યના અન્ય શહેરો અને જીલ્લાઓમાંથી ગુમ થયેલ બાળકો સ્ત્રીઓ વિગેરેને શોધી કાઢવા સારૂ સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી જે.કે.ભટ્ટ નાઓએ આપેલ સુચના અનુસાર નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી સી.એન. રાજપુત નાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપટી સ્કોડ-૧ ના પોલીસ ઇન્સ. શ્રી એ.ડી. પરમાર તથાપોલીસ સબ ઇન્સ. શ્રી બી.એચ. કોરોટ તથા કે,ડી. જાડેજા તથા સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં નાસતા ફરતા તથા વોન્ટેડ તથા ગુમ થનાર સ્ત્રી બાળકોની તપાસમાં હતા દરમ્યાન વૈષ્ણદેવી સર્કલ પાસે આવતા “સરથાના પોલીસ સ્ટેશન ગુમ જાજોગ એન્ટ્રી નં.૨૯/૧૮ તા.૧૯/૦૨/૧૮ ના કામે પુષ્પાબેન W/O પિયુસભાઇ લોટીયા ઉ.વ.૨૧ રહે. ૨૭, ખોડીયાર કૃપા સોસાયટી સરથાના જકાતનાકા સરથાના સુરત નાની તેની દિકરી વૈદેહી ઉ.વ.૫ ની સાથે ગઈ તા.૧૭/૦૨/૨૦૧૮ ના કલાક ૧૯/૦૦ વાગે પોતાના પતિના ઘરેથી ગુમ થયેલ હોય જે બંન્નેને વૈષ્ણદેવી સર્કલ પાસેથી શોધી કાઢી સુરત સરથાના પોસ્ટે. ખાતે જાણ કરી આગળની ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

**<u>ચાણસ્મા પોલીસ સ્ટેશનના અપહરણના ગુનામાં આરોપીને પકડી પાડતો શહેરકોટડા પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ</u>**

વિશેષ સંયુક્ત પોલીસ કમિ.શ્રી કે.એલ.એન.રાવ સાહેબ શ્રીની સુચના થી નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ રાહુલ ત્રિપાઠી સાહેબ તથા એ.સી.પી. શ્રી બળદેવ દેસાઈ સાહેબ તથા શહેરકોટડા પોલીસ સ્ટેશનના સિની.પોલીસ ઈન્સપેક્ટર શ્રી એસ.એમ.ચૌધરીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પ્રો.પો.સબ.ઇન્સ. પી.વી.ધોકડીયા સાહેબ નાઓએ સ્ટાફના પો.કો. કેતનકુમાર વિનુભાઇ બ.નં.૪૮૪૧ તથા પો.કો અરવિંદભાઈ કાહ્યાભાઈ બ.નં ૪૯૧૭ નાઓને મળેલ ખાનગી બાતમી હકીકત આધારે મેમ્કો ચાર રસ્તા પાસે જાહેરમાં વોચ ગોઠવી ચાણસ્મા પોલીસ સ્ટેશન ખાતે ફસ્ટ ગુ.ર.નં.૧૫/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૩૬૩,૩૬૬ વિગેરે મુજબના કામે નાસતો ફરતો આરોપી અનીલ અમરસિંગ લુહારીયા ઉ.વ.૨૦ રહે, નવી પોસ્ટ ઓફીસ સામે સરકારી દવાખાના પાસે ખાડા વિસ્તાર કઠલાલ તા.કઠલાલ જી.ખેડા નાને તા.૨૭/૦૨/૧૮ ના કલાક ૨૦/૩૦ વાગે સી.આર.પી.સી.કલમ ૪૧(૧)આઇ મુજબ પકડી અટક કરી ભોગબનનારનો કબ્જો મેળવી આરોપીની પુછપરછ કરતા આરોપીએ આજથી પંદરએક દિવસ અગાઉ ગામ ધિણોજ તા.ચાણસ્મા જી. પાટણ ખાતેથી ભોગ બનનારને લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી અપહરણ કરેલ હોવાનુ જણાવેલ અને આ બાબતે ચાણસ્મા પોલીસ સ્ટેશન ઉપરોક્ત નંબરથી ગુનો રજી. થયેલ હોય આગળની વધુ તપાસ અર્થે આરોપી તથા ભોગ બનનારને ચાણસ્મા પોલીસ સ્ટેશન સોંપવા તજવીજ કરવામાં આવેલ છે.

## પ્રેસ નોટ

## ગેર કાયદેસરનો પરપ્રાંતનો ઇગ્લીશ દારૂનો જથ્થો પકડી પાડતો શહેરકોટડા પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ

વિશેષ સંયુક્ત પોલીસ કમિ.શ્રી કે.એલ.એન.રાવ સાહેબ શ્રીની સુચના થી નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ રાહુલ ત્રિપાઠી સાહેબ તથા એ.સી.પી. શ્રી બળદેવ દેસાઈ સાહેબ તથા શહેરકોટડા પોલીસ સ્ટેશનના સીની.પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ.એમ.ચૌધરીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પ્રો.પો.સબ.ઇન્સ. પી.વી.ધોકડીયા સાહેબ તથા સ્ટાફના માણસો સાથે પો.કો વિજયસિંહ ગંભીરસિંહ બ.નં-૧૦૩૭૯ તથા પો.કો કેતનકુમાર વિનુભાઇ બ.નં-૪૮૪૧ નાઓને મળેલ ખાનગી બાતમી હકીકત આધારે અગાઉ પર પ્રાંતી ઇગ્લીશ દારૂ વેચવાના કેસોમાં પકડાયેલ ઇસમ નામે દિપક ઉર્ફે દીપલો રામજીભાઇ ચાવડા નાએ મેમ્કો રાજસ્થાન વિડીયો પાસે ભાટીની ચાલીમાં આવેલ ટાવર પાસે અવાવરુ મકાનમાં ઇગ્લીશ દારૂનો જથ્થો છુપાવી રાખેલ હોવાની બાતમી હકીકત આધારે રેડ કરી વગર પાસ પરમીટનો પર પ્રાંતનો ઇગ્લીશ દારૂનો જથ્થો (૧) રોયલ સીલેક્ટ ડીલક્ષ વ્હીસ્કીની ઈંગ્લીશ દારૂની બોટલો નંગ- ૨૦૪ કિ.રૂ.૭૩,૪૪૦/- (૨) રોયલ સીલેક્ટ ડ્રાય જીન ઈંગ્લીશ દારૂની બોટલો નંગ-૨૮૮ કિ.રૂ.૧,૦૩,૬૮૦/-(૩)એક્સેસ ગાડી નંગ-૦૧ કિ.રૂ.૩૫,૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૨,૧૨,૧૨૦/- નો મુદ્દામાલ કબ્જે કરી આરોપી (૧) દિપક રામજીભાઇ ચાવડા રહે-અનીલ વકીલની ચાલી હનુમાન મંદીર પાસે પ્રેમનગર મેમ્કો નરોડા રોડ અમદાવાદ શહેર તથા એક અજાણ્યો ઇસમ નાઓ વિરૂધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ હાલમાં આરોપીઓ વોન્ટેડ છે અને આગળની વધુ તપાસ પ્રો.પોલીસ સબ ઇન્સ. પી.વી.ધોકડીયા નાઓ ચલાવી રહેલ છે.

**પુર્વ ઇતીહાસ-**

આરોપી દિપક રામજીભાઇ ચાવડાનો પુર્વ ઇતીહાસ જોતા તે અગાઉ ઇગ્લીશ દારૂ વેચવાના કેસોમાં તેમજ મારા મારીના કેસોમા પકડાયેલ હોવાનુ જાણવા મળેલ છે

## ગેર કાયદેસરનો પરપ્રાંતનો ઇગ્લીશ દારૂનો જથ્થો પકડી પાડતો શહેરકોટડા પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ

વિશેષ સંયુક્ત પોલીસ કમિ.શ્રી કે.એલ.એન.રાવ સાહેબ શ્રીની સુચના થી નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ રાહુલ ત્રિપાઠી સાહેબ તથા એ.સી.પી. શ્રી બળદેવ દેસાઈ સાહેબ તથા શહેરકોટડા પોલીસ સ્ટેશનના સીની.પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ.એમ.ચૌધરીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પ્રો.પો.સબ.ઇન્સ. પી.વી.ધોકડીયા સાહેબ તથા સ્ટાફના માણસો સાથે પો.કો અરવિંદભાઇ ડાહ્યાભાઇ બ.નં.૪૯૧૭ તથા પો.કો સુનીલકુમાર માણેકલાલ બ.નં-૩૯૫૧ નાઓને મળેલ ખાનગી બાતમી હકીકત આધારે મેમ્કો ગોપી પાન પાર્લર પાસે જાહેરમાં આરોપીઓ (૧) હાર્દીક ઉર્ફે ટીકો અરવિંદભાઇ પરમાર ઉ.વ-૨૩ રહે-બહુચરનગર લા.નં-૦૨ મેમ્કો નરોડા રોડ અમદાવાદ શહેર (૨) જીગ્નેશ ઉર્ફે રીંક્કો કાંતીભાઇ પરમાર ઉ.વ-૨૧ રહે- બહુચરનગર લા.નં-૦૨ મેમ્કો નરોડા રોડ અમદાવાદ શહેર નાઓને પોતાના કબ્જાની પલ્સર બાઇક નં-GJ-05-DE-4552 માં વગર પાસ પરમીટનો પર પ્રાંતનો ઇગ્લીશ દારૂનો જથ્થો મળી આવેલ જેમાં (૧) રોયલ સીલેક્ટ ડીલક્ષ વ્હીસ્કીની ઈંગ્લીશ દારૂની બોટલો નંગ- ૨૪ કિ.રૂ. ૮૬૪૦/- (૨) રોયલ સીલેક્ટ ડ્રાય જીન ઈંગ્લીશ દારૂની બોટલો નંગ-૨૭ કિ.રૂ.૯૭૨૦/- (૩) બજાજ પલ્સર મોટર સાયકલ કિ.રૂ.૨૦,૦૦૦/- (૪) મોબાઇલ ફોન નંગ-૦૩ કિ.રૂ.૬૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૫૪.૩૬૦/- નો મુદ્દામાલ કબ્જે કરી આરોપી વિરૂધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ અને આગળની વધુ તપાસ પ્રો.પોલીસ સબ ઇન્સ. પી.વી.ધોકડીયા નાઓ ચલાવી રહેલ છે.

**નાસતા-ફરતા આરોપીને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરતી રખિયાલ પોલીસ**

**પ્રેસ-નોટ**

અધિક પોલીસ કમિશનર શ્રી , સેક્ટર -૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન – ૫ સાહેબ અને મદદનીશ પોલીસ કમિશનર શ્રી એચ વિભાગ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન તેમજ સિનીયર પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી સી.આર.રાણા રખિયાલ પોલીસ સટેશન નાઓની દિશા-નિર્દેશાનુસાર અમો પો.સબ.ઇન્સ જે.જે.ગઢવી અમારા સ્ટાફના માણસો સાથે નાસતા-ફરતા આરોપીઓ શોધી કાઢવા સારૂ પોલીસ સટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા , દરમ્યાન અમોને ખાનગી રાહે બાતમી-હકીકત મળેલ કે, રખિયાલ પોલીસ સટેશન સેકન્ડ ગુ.રજી.નં-૩૧૬૪/૧૭ I.P.C કલમ- ૩૨૩ , ૨૯૪(ખ) , ૫૦૬(૨) ,૧૧૪ તથા G.P.ACT કલમ-૧૩૫(૧) મુજબના કામે છેલ્લા પાંચેક માસથી નાસતો-ફરતો આરોપી – ધર્મેન્દ્ર ઉર્ફે ધમો ખટીક રહે- રેવાબા નગર , રામોલ , અમદાવાદ નાનો ગુજરાત બોટલીંગ ચાર રસ્તા તરફથી પગે ચાલતો પસાર થનાર છે , તેવી બાતમી-હકીકત આધારે અમો સ્ટાફના માણસો સાથે હકીકતવાળી જગ્યાએ છુટા-છવાયા વોંચમાં હાજર રહી થોડીવાર બાદ ઉપરોક્ત આરોપી ત્યાંથી પસાર થતા અમોએ સદરીને કોર્ડન કરી રોકી લઇ તેના નામ-સરનામાની ખાતરી-તપાસ કરતા તેણે પોતાનું નામ – ધર્મેન્દ્ર ઉર્ફે ધમો S/O ભંવરલાલ ખટીક ઉ.વ- ૨૬ રહે- ૨૧૨ , રેવાબા નગર, રામ-રાજય નગર ચાર રસ્તા પાસે, રામોલ , અમદાવાદ નું જણાવેલ , અને પોતે રખિયાલ પોલીસ સટેશનના ગુનામાં નાસતો-ફરતો હોવાનું જણાવતા અમોએ સદરી આરોપીને પોલીસ સટેશને લાવી વિગતવાર પુછપરછ કરી આરોપીને તા- ૨૭/૦૨/૧૮ ના કલાક- ૧૮/૩૦ વાગ્યે પકડી-અટક કરી ગુના સબંધે વધુ પુછપરછ હાથ ધરેલ છે .

દરીયાપુર પોલીસ સ્ટેશન

આરોપીને પાસા હેઠળ અટકાયત કરવા બાબત

મિલ્કત સબંધી

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક પીસીબી/ડીટીએન/પાસા/૧૫૬/૨૦૧૮ તા.૨૬/૨/૧૮ આધારે પાસા અટકાયતી નામે મોહમદ સોયેબ લીયાકતઅલી શેખ ઉ.વ. ૨૦, હેબતખાનની ચાલી, કાલુપુર બ્રીજ નીચે છાપરામા, શાક માર્કેટ, કાલુપુર, અમદાવાદ શહેર ના વિરૂધ્ધમાં દાખલ થયેલ મિલ્કત સબંધી ગુન્હાઓમાં સદરી વિરૂધ્ધ પાસા હુકમ થયેલ હોઈ આરોપીને તા.૨૭.૦૨.૨૦૧૮ ના કલાક.૦૦.૫૦ વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે પાસા તળે અટકાયતમાં લેવા સારૂ મોકલી આપવા તજવીજ કરેલ છે.તા.૨૭/૦૨/૨૦૧૮

**સાબરમતી વિસ્તારમાંથી ફોરવ્હીલ કાર ચોરીના ગુનામાં એક મહીલા આરોપીની ધરપકડ કરી મુદ્દામાલ રીકવર કરી ગણત્રીના કલાકોમાં ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી સાબરમતી પોલીસ**

મેં પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સ્પેશ્યલ પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર -1 સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-2 અમદાવાદ શહેરનાઓ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એલ ડીવીઝન અમદાવાદ શહેરનાઓ તરફથી મિલકત સંબંધી બનેલ ગુનાઓ શોધવા તથા બનતા અટકાવવા સારૂ મળેલ સુચના આધારે અમારા માર્ગદર્શન હેઠળ અત્રેના પો.સ્ટેના સર્વે સ્કોર્ડના પો.સબ.ઇન્સશ્રી બી.પી.મેઘલાતર તથા તેમની ટીમના માણસોએ સાબરમતી પો.સ્ટે ફસ્ટ ગુના રજીસ્ટર નંબર 18/2018 ઇપીકો કલમ 379 મુજબના ગુનામાં એક હુંડાઇ આઇ-10 કાર નંબર જીજે-01-આર.વી-0679 કિંમત્ત રૂપિયા 2,50,000/-ની મત્તાની ચોરી થયેલ જે ગુનાના ગુનાવાળી જગ્યાના સી.સી.ટી.વી ફુટેજ ચેક કરી જેમાં આ કાર એક મહીલા ચોરી કરીને લઇ જતી જણાઇ આવતા જે મહીલા અંગે ખાનગી રાહે પુછપરછ કરી આ મહીલા મનીષા પટેલ રહે ભાવના સોસાયટી રાણીપ અમદાવાદ શહેરનાની હોવાનુ જણાઇ આવતા જે મળી આવતા સદરીની મહીલા પો.સ.ઇ શ્રી એસ.ટી.દેસાઇ નાઓને સાથે રાખી યુક્તિ પ્રયુક્તિથી ગુના સંબંધે પુછપરછ કરતા સદરીએ આ ગુનાની કબુલાત કરતા સદરી આરોપીબેન નામે મનીષાબેન ડો/ઓ ગોપાલભાઇ પટેલ ઉ.વ.35 રહે એ/89 ભાવના સોસાયટી વિભાગ-2 સુર્યા અમી ફ્લેટની બાજુમાં રાણીપ અમદાવાદ શહેરનાઓને તા-26/02/2018ના કલાક 15/30 વાગ્યે અટક કરી સદરીની પુછપરછ દરમ્યાન આ ગુનામાં ચોરીમાં ગયેલ કાર તેણીએ ગાધીનગર શુકન સ્કાય ખાતે મુકી આવેલાની હકીકત જણાવેલ હોઇ જે સદરીને મહીલા પો.સ.ઇશ્રી સાથે રાખી તેણીએ બતાવેલ જગ્યાએથી આ ગુનામાં ચોરીમાં ગયેલ હુંડાઇ આઇ-10 કાર નંબર જીજે-01-આર.વી-0679 રીકવર કરી ગણત્રીના કલાકોમાં જ ગુનાનો ભેદ ઉકેલી આગળની તપાસ પો.સ.ઇશ્રી બી.પી.મેઘલાતરનાઓ ચલાવી રહેલ છે

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.